ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# માર્ગ-મકાન વિભાગના સચિવ એસ.એસ. રાઠૌર નિવૃત્ત થયા

**નિવૃત્તીના અંતિમ કલાકોમાં રાઠૌરને અધિક મુખ્ય સચિવ પદે બઢતી અપાઈ : આધુનિક ગાંધીનગરના નિર્માણમાં તેમનું મહત્વનું યોગદાન છે : મુખ્ય ઈજનેર પી. એન. જૈનને સચિવ તરીકે હવાલો**



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૩૧

રાજ્યના માર્ગ-મકાન વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી એસ.એસ. રાઠૌર આજે વયમર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા છે. તેમની જગ્યાનો હવાલો શ્રી પી. એન. જૈનને સોંપવામાં આવ્યો છે.

આધુનિક ગાંધીનગરના દૃષ્ટા તરીકે આગવી ઓળખ શ્રી એસ.એસ. રાઠૌરે ઉભી કરી હતી. ૩૪ વર્ષની લાંબી સરકારી નોકરીની કારકિર્દીના અંતિમ ત્રણ કલાક બાકી હતા ત્યારે રાજ્ય સરકારે તેમને અધિક મુખ્ય સચિવ તરીકે બઢતી આપી સન્માનિત કર્યા હતા.

ઓલ ઈન્ડિયા એન્જીનીયર્સ એસોસીએશનના પ્રમુખ અને વર્લ્ડ એન્જીનીયર્સ એસોસીએશનના વાઈસ પ્રેસીડેન્ટ તરીકે તેઓ સેવાઓ આપી રહ્યા છે. જે ગુજરાત માટે અત્યંત ગૌરવરૂપ છે. માર્ગ-મકાન વિભાગના સચિવ તરીકે તેમણે ૧૭ વર્ષ સુધી ફરજો બજાવી છે. તે પણ એક નોંધનીય ઘટના છે.

રાજવી ઘરાના સાથે સંકળાયેલા શ્રી રાઠૌર અત્યંત સાલસ સ્વભાવના અને નિખાલસ વ્યક્તીત્વ ધરાવતા અધિકારી તરીકે આગવી ઓળખ પ્રસ્થાપિત કરી હતી. આજે બપોરે ૩ વાગે તેમને અધિક મુખ્ય સચિવ તરીકે બઢતી આપવાના સરકારના નિર્ણયની જાણ કર્મચારી વર્ગમાં પ્રસરતાં જ સમગ્ર વિભાગમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.

શ્રી રાઠૌરને આજે સાંજે વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ એક સાદા છતાં દબદબાભર્યા સમારોહમાં ભવ્ય વિદાય આપી હતી.

રાજ્ય સરકારે માર્ગ-મકાન વિભાગના સચિવ તરીકે ગાંધીનગરના ચીફ એન્જીનીયર શ્રી પી. એન. જૈનને હવાલો સોંપવાના હુકમો કર્યા છે. શ્રી જૈને તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.

# કોંગ્રેસના ઉમેદવાર કીરીટ પટેલ સાતમીએ ઉમેદવારી પત્ર ભરશે

## ૭મીએ શંકરસિંહ વાઘેલા મધ્યસ્થ કાર્યાલયને ખુલ્લુ મુકશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર સંસદીય મતવિસ્તાર માટે કોંગ્રેસ પક્ષના ઘોષિત થયેલા ઉમેદવાર શ્રી કીરીટ પટેલ ૭મીએ વિજય મુહૂર્તમાં પોતાનું ઉમેદવારીપત્ર સમર્થકોની હાજરીમાં ચૂંટણી અધિકારી સમક્ષ ભરશે.

કોંગ્રેસ પક્ષના મધ્યસ્થ કાર્યાલયનું પણ આજ દિવસે સવારે રાજયના પૂર્વ મુખ્યમંત્રી અને વિધાનસભા વિપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાના હસ્તે ખુલ્લુ મુકવામાં આવશે.

કોંગ્રેસ પક્ષ દ્વારા ગાંધીનગરમાં સાતમીથી જ વિધિવત પ્રચાર અભિયાનનો પ્રારંભ કરશે. કોંગ્રેસ પક્ષે આ વખતે પણ ગાંધીનગર (ઉ), સાબરમતી, સાણંદ અને વેજલપુર કલોલમાંથી જંગી સરસાઈ મેળવવા માટેની આખી વ્યુહરચના તૈયાર કરી દીધી છે.

ઘાટલોડિયા અને નારણપુરામાં પક્ષના ઉમેદવાર બરાબરની ટકકર આવે તેવી આક્રમક વ્યૂહરચના તૈયાર કરવામાં આવી હોવાનું કોંગ્રેસના સૂત્રોએ જણાવ્યું છે.

પ્રચાર અભિયાનમાં ગાંધીનગરના પ્રશ્નો અંગે અડવાણીના ઉદાસીન વલણને ઉજાગર કરવા ઉપરાંત સરકારની નિષ્ફળતાઓને લોકો સુધી પહોંચાડવામાં આવશે.

કોંગ્રેસના સૂત્રોએ જણાવ્યું છે કે ભાજપની લોકસભાની ચૂંટણીમાં સતત સરસાઈમાં ઘટાડો થઈ રહ્યો છે. અડવાણીની લોકપ્રિયતામાં જે ઘટાડો થઈ રહ્યો છે તે સામે કોંગ્રેસ આક્રમક પ્રચાર અભિયાન ચલાવશે.

શ્રી કીરીટ પટેલ અત્યારે વિવિધ સામાજિક સંગઠ્ઠનો તેમજ ચૂંટાયેલી પાંખના આગેવાનો સાથે મળી પોતાની વ્યુહરચનાને આખરી ઓપ આપી રહ્યાનું સૂત્રોએ જણાવ્યું છે.

# અડવાણીના પ્રચાર માટે હોર્ડિંગ્સ લગાવાયા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર સંસદીય મત વિસ્તાર માટે ભાજપના ઘોષિત ઉમેદવાર અને પૂર્વ નાયબ વડાપ્રધાન શ્રી લાલકૃષ્ણ અડવાણીના મોટા-મોટા હોર્ડિંગ્સ આજે લાગતાં તેમના પ્રચાર કાર્યમાં વેગ આવ્યો છે.

શ્રી અડવાણી પાંચમી એપ્રિલે પોતાનું ઉમેદવારી પત્ર ભરવા માટે ગાંધીનગર આવી રહ્યા છે. તેમના આગમન પૂર્વે જ પક્ષે તેમના પ્રચાર માટેના અભિયાનનો આરંભ કરી દીધો છે.

મળતી વિગતો મુજબ શ્રી અડવાણીના આ હોર્ડિંગ્સમાં એક ભારત શ્રેષ્ઠ ભારતના સૂત્ર સાથે શ્રી અડવાણીનો ફોટોગ્રાફ્સ અને ભાજપનું ચિહ્ન લગાવવામાં આવ્યું છે. ચૂંટણી પ્રચારના આ અભિયાન માટે પ્રદેશ એકમ દ્વારા જિલ્લા તંત્રની ખાસ મંજુરી મેળવવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેર અને ઉત્તર વિધાનસભા મત વિસ્તારમાં બે ડઝન જેટલા આવા હોર્ડિંગ્સ લગાવવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે. શ્રી અડવાણી ફોર્મ ભરતા અગાઉ કાર્યકરો સાથે સંવાદ કરનાર છે.



ગુડી પડવો - મહારાષ્ટ્રીયન પરિવારોમાં ગુડી પડવો નૂતન વર્ષનો પ્રારંભ મનાવાય છે... ભાવભક્તિ પૂર્વક પૂજન-અર્ચન દ્વારા સૌને મંગલ કામના કરાય છે... ગાંધીનગરના મહારાષ્ટ્રીયન પરિવારોએ ઉલ્લાસપૂર્વક ગુડી પડવાની ઉજવણી કરી હતી.

# ગાંધીનગર-મહુડી માર્ગને ફોરલેન બનાવવાની કામગીરી આરંભાઈ

## વનવિભાગ કક્ષાએથી દરખાસ્તને મંજૂરી અપાયા બાદ કામગીરી તેજ બનશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર-મહુડી માર્ગને ફોરલેન બનાવવા અન્વયે કામગીરી શરૂ કરી દેવાઈ છે. ગત ફેબ્રુઆરી મહીનામાં ખાતમુહુર્ત વિધિ થયા બાદ હાલ માર્ગ આસપાસ ખોદકામ શરૂ કરી દેવાયું છે. જો કે વનવિભાગ દ્વારા વૃક્ષો કાપવાની દરખાસ્તને મંજુરી અપાયા બાદ આ કામગીરી તેજ બનશે.

ગાંધીનગર મહુડી માર્ગને અગાઉ પ્રવાસનપથ હેઠળ આવરી લેવાયા બાદ પેથાપુરથી મહુડી માર્ગના વાઈડનીંગનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. આ માર્ગ પર ટ્રાફિકનો ધમધમાટ વધતા માર્ગને ૭ મીટરમાંથી ૧૦ મીટર પહોળો કરવામાં આવ્યો હતો. જયારે ત્રણ વર્ષના અંતે ફરી આ માર્ગને ટ્રાફિકની દૃષ્ટિએ વધુ સરળ બનાવવા ફોરલેન બનાવવાની કાર્ય યોજના હાથ ધરવામાં આવી છે.

પેથાપુર-મહુડી માર્ગને ફોરલેન બનાવવા પાછળ અંદાજિત ૫૪ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. બીજી તરફ આ માર્ગને ફોરલેન બનાવવા માટે આ રૂટમાં સ્થિત ૧ હજાર જેટલા વૃક્ષો કાપવા પડે તેમ છે.

જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા વન વિભાગની મંજુરી માટે દરખાસ્ત કરવામાં આવી છે. જો કે લાંબા સમયના અંતે પણ આ દરખાસ્તને મંજુરી આપવામાં આવી નથી. પરંતુ ટૂંક સમયમાં જ આ મામલે વનવિભાગ કક્ષાએથી લીલી ઝંડી આપી દેવાશે. આ દરમિયાન પ્રવાસન પથના ૩૫ કી.મી. અંતરના આ માર્ગને ફોરલેન બનાવવા પ્રાથમિક કામગીરી શરુ કરી દેવાઈ છે. માર્ગ આસપાસ ખોદકામ શરુ કરી દેવાયું છે. વન વિભાગની મંજુરીના અંતે કામગીરીમાં ગતિ આવશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.

# વાહન વ્યવહાર કચેરી દ્વારા મોકલાતા સંદેશા પર ચૂંટણી પંચની રોક

ગાંધીનગર, તા.૩૧

વાહન વ્યવહાર કચેરી દ્વારા વાહન ચાલકોને લાયસન્સ અને આર.સી. બુક સાથે મોકલવામાં આવતાં મુખ્યમંત્રીના સંદેશા પર ચૂંટણી પંચ દ્વારા રોક લગાવી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વાહન વ્યવહાર કચેરી દ્વારા વાહન ચાલકોને મોકલવામાં આવતા ડ્રાઈવીંગ લાયસન્સ અને આર.સી. બુક સાથે મુખ્યમંત્રીનો વિકાસને સાથ આપજો પર્યાવરણને ધ્યાનમાં રાખવા સહીતની બાબતોને લગતા સંદેશ આપતા પત્ર મોકલવામાં આવતાં હતાં.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ લોકસભાની ચૂંટણીઓ જાહેર થતાં જ રાજયમાં આચાર સંહીતા અમલી બનતાં કોંગ્રેસ દ્વારા વાહન વ્યવહાર કચેરી દ્વારા વાહનચાલકોને મોકલવામાં આવતા મુખ્યમંત્રીના સંદેશા પત્ર એ આચાર સંહીતા ભંગ હોવા અંગેની ફરિયાદ ચૂંટણીપંચ સમક્ષ કરવામાં આવી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલી આ ફરિયાદ અંગે ચૂંટણી પંચ દ્વારા ચકાસણી કરીને વાહન વ્યવહાર કચેરીને આવા સંદેશા નહીં મોકલવા માટેની સૂચના આપીને રોક લગાવી દેવામાં આવી છે.

# અંગથુલા ગામે ૬ ઓરીના કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના સાણોદા વિસ્તારના અંગથુલા ગામેથી ઓરી-અછબડાના છ જેટલા કેસ મળી આવતાં આરોગ્યતંત્ર દોડતુ થયું છે.

ગાંધીનગર શહેરના સીમાડે અછબડાના કેસ મળ્યા બાદ હવે દહેગામ તાલુકામાંથી આવા કેસ મળ્યા છે. તંત્રએ આજે ગામમાં સર્વેલન્સની કામગીરી પણ હાથ ધરી દીધી છે. જો કે વધુ કેસ નહિ મળ્યા હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે નોંધાયેલા દર્દીઓમાં છ માસથી ૧૯ વર્ષની આયુ ધરાવતા બાળકો છે. તંત્રએ આ વિસ્તારમાં લોક-જાગૃતિ અભિયાન પણ હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

ઓરી-અછબડાના આ દર્દીઓને વિટામીન્સની ટેબ્લેટ તેમજ પાણીના ક્લોરીનેશન માટે ટીકડીઓનું પણ વિતરણ તંત્ર દ્વારા કરવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

# હજુ શહેરમાં ગમે ત્યાં કચરો સળગાવાય છે





(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૩૧

શહેરમાં જાહેરમાં કચરો સળગાવી પ્રદૂષણ ફેલાવવાની પ્રવૃત્તિ હાલ બેરોકટોક બની છે. વાતાવરણને પ્રદૂષિત બનાવી પ્રકૃતિને નુકશાન પહોંચાડતી આ વૃત્તિના લીધે ઘણીવાર મોટો અકસ્માત સર્જાય તેવા દૃશ્યો પણ આંખ સામે ખડા થાય છે. સે-૬માં ઝાડી વિસ્તારમાં કચરો બાળવાની આ વૃત્તિના લીધે વીજ થાંભલો પણ આગની લપેટમાં આવે તેવી ભયજનક સ્થિતિ સર્જાઈ હતી.

શહેરમાં હરીયાળીનું નિકંદન વળવાની સાથે વાતાવરણને દૂષિત કરવાની પ્રવૃત્તિઓ વધતા દિન પ્રતિદિન પ્રદુષણનું પ્રમાણ વધી રહ્યું છે. જેના પરીણામે ગ્રીનસીટી અને કલીનસીટીની આગવી ઓળખ ભૂંસાવા તરફ છે. શહેરના સેકટરોમાં ગમે ત્યારે જાહેરમાં કચરો સળગાવી દેવાતા વાતાવરણ દૂષિત થવાની સથે અકસ્માતની દૃષ્ટિએ પણ મોટું જોખમ ઉભું થતું હોય છે. ઝાડી વિસ્તારમાં સૂકા પાંદડામાં આગ ચાંપી દેવાતા હરીયાળી પ્રકૃતિને પણ નુકશાન થાય છે. સે-૬માં પણ ગત સપ્તાહ દરમિયાન પોલિસ સ્ટેશન સામેના જંગલ વિસ્તારમાં આગની જવાળા પ્રસરતા હરિયાળા વૃક્ષોને પણ નુકશાન થયુંહતું. જયારે આગળ વધતી જવાળામાં નજીકમાં સ્થિત સ્ટ્રીટ લાઈટનો થાંભલો પણ લપેટાતા રહી ગયો હતો. શહેરમાં સેકટર વિસ્તારમાં ગમે ત્યાં કચરો સળગાવવા પર મનાઈ હોવા છતાં આ વાતનો કોઈ અમલ થતો નથી. સંબંધિત તંત્ર કક્ષાએથી પણ કોઈ પગલા લેવાતા નથી.

# સે-૩માં ચેઈન સ્નેચીંગના બનાવો વધતા મહીલાઓમાં ભયની લાગણી

## જાણ ભેદુ ગઠીયાઓને ઝડપી લેવા પોલીસ પેટ્રોલીંગ સઘન બનાવવા માંગ

ગાંધીનગર, તા.૩૧

સેકટર-૩માં છેલ્લા કેટલાક સમયથી ચેઈન સ્નેચીંગના બનાવો વધતા મહીલાઓમાં ભયની લાગણી પ્રવર્તી છે. ગત સપ્તાહ દરમિયાન પણ સે-૩-બીમાં ધોળા દિવસે જાણ ભેદુ ગઠીયાએ મહીલાના ગળામાંથી ૧૭ ગ્રામનો સોનાનો દોરો આંચકી લીધો હતો. જયારે થોડા સમય પૂર્વે પણ કોઈ ગઠિયાએ ચેઈન સ્નેચીંગનો પ્રયાસ કરતા મહીલાને ઈજા થઈ હતી. સેકટરના આંતરિક માર્ગો પર તકનો લાભ ઉઠાવી હાથ અજમાવતા આવા ગઠીયાઓને ઝડપી લેવા પોલીસે વોચ ગોઠવવી જોઈએ તેવી પ્રબળ માંગ પણ ઉઠવા પામી છે.

શહેરમાં ચેઈન સ્નેચીંગના ગુન્હાઓનું પ્રમાણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે. જાણભેદુ ગઠીયાઓની હીમત વધતા હવે ધોળા દિવસે પણ સોનાના દોરાની ચીલ ઝડપના કિસ્સાઓ વધી રહ્યા છે. સેકટરોના આંતરિક માર્ગો ઉપર પણ મોકાનો લાભ લઈ આવા ગઠીયાઓ હાથ ફેરો કરી લેતા ખાસ કરીને મહીલાઓમાં ભયની લાગણી વ્યાપી છે. સે-૩માં છેલ્લા કેટલાક સમયથી જાણભેદુ ગઠીયાઓ એકલતા જોઈને દોરો આંચકી લેવાની ફીરાકમાં ફરતા હોવાનું પણ ચર્ચાસ્થાને છે. ગત સપ્તાહ દરમિયાન પણ સ્કુટર પર આવેલા જાણ ભેદુ ઈસમે મહીલાના ગળામાંથી દોરાની તફડંચી કરી હતી. જયારે આ અગાઉ પણ શોપીંગથી મહાદેવ મંદિર તરફ જવાના માર્ગ પર કોઈ મહીલાના ગળામાંથી દોરો આંચકી લેવાની કોશિષ થતા મહિલાને ગળાના ભાગે સામાન્ય ઈજા થવા પામી હતી. સેકટરોમાં ચેઈન સ્નેચીંગની ફીરાકમાં ફરતા આવા ગઠીયાઓને ઝડપી લેવા પોલીસે સઘન પેટ્રોલીંગ હાથ ધરવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.




# શહેરમાં પાણી-ગટર વેરા અન્વયે માંડ ૪૫ ટકા વસુલાત

## વેરા વસુલાત ઝુંબેશ નિરસ પુરવાર થઈ : નબળી કામગીરી

ગાંધીનગર, તા. ૩૧

શહેરમાં પાણી-ગટર વેરો ઉઘરાવવાની ઝૂંબેશ અન્વયે માડં ૪૫ ટકા વસુલાત થઈ શકી છે. અંદાજિત ૨.૨૫ કરોડના માંગણા સામે રૂ. ૧ કરોડથી ઓછી વસુલાત થઈ છે. આગામી દિવસોમાં વેરો ન ચુકવનારને તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવશે.

શહેરમાં પાણી ગટર વેરા અન્વયે વર્ષ ૨૦૧૪-૧૫ની એડવાન્સ વસુલાત માટે તા. ૧ માર્ચથી તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. શહેરના જુના અને નવા સેકટરો સહીત શહેરી વિસ્તારના ગામોમાંથી પાણી વેરો ઉઘરાવતા તંત્ર દ્વારા વિવિધ ચાર ઠેકાણે કાઉન્ટરો શરૂ કરવામાં આવ્યા હતા, જ્યારે વેરા વસુલાત ઝુંબેશ અન્વયે રજાના દિવસે પણ કાર્યવાહી ચાલુ રાખવામાં આવી હતી. તંત્રના ચોપડે વર્ષો જુની બાકી માંગણુ પણ યથાવત હોવાથી પ્રતિવર્ષ બાકી વેરાનો આંકડો મોટો થતો જાય છે. વર્ષ ૨૦૧૪-૧૫ની એડવાન્સ વસુલાત અન્વયે ૨.૨૫ કરોડના માંગણા સામે એક મહીનાની ઝુંબેશના અંતે રૂ. ૧ કરોડથી પણ ઓછી વસુલાત થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. શહેરના નવા સેકટરોમાંથી વેરા પેટે રૂ. ૫૦ લાખ વસુલવામાં આવ્યા છે. જ્યારે જૂના સેકટરોમાંથી પણ અંદાજિત રૂ. ૩૬ લાખની વસુલાત થઈ છે. પાણી ગટર વેરાની વસુલાત દરમિયાન વેરો ભરપાઈ કરવામાં જોડાણકર્તાઓમાં ઉત્સાહનો અભાવ વર્તાતા તંત્રમાં પણ ચિંતા પ્રવર્તી છે. આગામી દિવસોમાં બાકીદારોને નોટીસ આપવામાં આવશે.







Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com